# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/ક્વા-૨/૧૯- ૨૦/૫૬૪૪–૭** **તા.૨૭–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૨/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: ફૂલચંદ વનમાળી પરમાર ગામ: કેશોદ

રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ધવલભાઈ રસિકભાઈ પરમાર અને પ્રશાંતભાઈ રસિકભાઈ પરમાર હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – કેશોદ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી આર. જી. ગોવાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – કેશોદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બંને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

તેઓ કેશોદ શહેરમાં ભુલકા રેસ્ટોરન્ટમાં ફુલચંદ વનમાળી પરમાર ના નામનુ કોમર્શીયલ વીજજોડાણ ગ્રાહક નં. –૮૦૧૦૨ / ००२०१ / ० થી ધરાવે છે, જેમાં વીજભાર વધારા માટે ધણા સમયથી અરજી સ્વીકારવામા આવતી નથી. તા.૧૬–૦૭–૧૯ ના રોજ વીજભાર વધારો લેવાની નોટીસ રજીસ્ટર્ડ ટપાલ થી મળેલ, જે અનુસંઘાને પીજીવીસીએલ ની ઓફિસે અરજી કરતા – સબંધક અધિકારી દ્રારા અરજી સ્વીકારવામા આવેલ નહી. સદર વીજજોડાણ મા કોઈપણ જાતનો ગેરકાયદેસર વપરાશ નો રેકર્ડ નથી, તેમ છતા, તેઓને વીજભાર વધારા માટે નુ પુરવણીબીલ અપાયેલ હોય, આમ– **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- કેશોદ (શહેર) પેટા વિભાગીય કચેરી ના કેશોદ શહેર ના રહેવાસી સ્વ.કુલચંદ વનમાળી પરમારના નામના વાણીજય વપરાશ હેતુ માટેના સિંગલ ફેઝ વિજ જોડાણ કે હાલ જેનો ભોગવટો કરનાર શ્રી ધવલભાઈ રસિકભાઈ પરમાર દ્વારા તેમના ગ્રાહક નંબર ૮૦૧૦૨૦૦૨૦૧/0 થી NRGP ના ૦.૫૦૦ કી.વો. ના ભૂલકા રેસ્ટોરન્ટ ના નામથી આવેલ વિજ કનેક્શનમાં લોડ વધારા અને નામ ટ્રાન્સફર કરવા બાબત આપની સમક્ષ ફરિયાદ અરજી તા.૨૦.૦૭.૨૦૧૯ થી કરેલ છે.

૩.૧ આ કેસમાં વિજ કનેક્શન જેમના નામનું છે તે સ્વ. કુલચંદ વનમાળી પરમારનું તા.૦૪.૦૪.૧૯૯૨ ના રોજ અવસાન થયેલ હોઈ અને સદર વિજ જોડાણની મૂળ સ્થિતિ મા કોઈપણ પ્રકારના ફેરફાર માટે ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ આવૃત્તિ તા.૧૯.૦૫.૨૦૧૬ ના ક્લોઝ નં.૪.૬૦(૪) મુજબ સદર વિજ જોડાણની માલિકી કાયદાકીય વારસદારને તબદીલ થવી જરૂરી હોય અથવા જોડાણની મૂળ સ્થિતિમાંથી કોઈ પ્રકારના ફેરફાર માટે ક્લોઝ નં.૪.૬૦(૪) ના જોડાણ-૧ મુજબ અન્ય ભાગીદારો / હક્ક હિસ્સેદારો ની નોટરાઈઝડ સંમતિ નિયમાનુસાર જરૂરી હોય છે.

૩.૨ ઉપરોકત મુદ્દા નં ૩.0 અન્વયે સ્વ. કુલચંદવનમાળી પરમાર ના વારસદાર શ્રી ધવલભાઈ રસિકભાઈ પરમાર દ્વારા લોડ વધારા અને નામ ટ્રાન્સફર ના ફોર્મ સાથે ઉપરોક્ત જણાવ્યા અનુસાર દસ્તાવેજો જોડેલા નહિ. તેથી જે તે સંબંધિત અધિકારી દ્વારા સકારાત્મક પ્રતિક્રિયારૂપે શ્રી ધવલભાઈ રસિકલાલ પરમાર ને વ્યવસ્થિત સમજણ આપી કંપનીના નિયમાનુસાર દસ્તાવેજો ખૂટે છે તે તેમના ધ્યાન પર મુકેલ.આ ખૂટતા દસ્તાવેજો રજુ કર્યે લોડ વધારો અને નામ તેની નિયમાનુસાર નોંધણી કરી લોડ વધારા અને નામ ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવશે તેવું રૂબરૂ વ્યવસ્થિત તોછડાઈભર્યું વર્તન તેમની સાથે કરાયેલ નથી.

૩.3 તા.૦૭.૦૬.૨૦૧૯ ના રોજ કંપનીના અધિકૃત અધિકારીઓ દ્વારા કરાયેલ વિજ ચેકિંગ મુજબ સદર વિજ જોડાણની લોડ સાઈડ પર કુલ ૪.૦૯૦ કી.વો. નો લોડ જોડાયેલ માલુમ પડેલ. જે તેમના વિજ કનેક્શનના કરારિત વીજભાર ૦.૫૦૦ કંપનીના નિયમાનુસાર તા.૧૨.૦૬.૧૯ ના રોજ વિજ્ભાર વધારો નિયમિત કરી લેવા જરૂરી કાર્યવાહી કરવા નિયમાનુસાર નોટીસ પાઠવેલ. પરંતુ શ્રી ધવલભાઈ રસીકલાલ પરમાર વીજભાર વધારા માટે અરજી આપવા આવેલ તેમા કંપનીના તેમના દ્વારા રજુ થયેલ દસ્તાવેજો અપૂરતા હોઈ અરજી સ્વીકારી શકાયેલ નહિ. જેથી કેશોદ (શહેર) પેટા વિભાગીય કચેરી દ્વરા જે વધારાનો વીજભાર છે તે મુજબ ફિક્સચાર્જ ના તફાવત ની રકમ ઉપરોક્ત ગ્રાહકના ખાતામાં ઉધારાયેલ છે. આ ઉધારાયેલ તફાવતના ચાર્જની વ્યવસ્થિત સમજણ પણ અરજદારને અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર** કેશોદ શહેરમાં ભુલકા રેસ્ટોરન્ટમાં કુલચંદ વનમાળી પરમાર ના નામનુ કોમર્શીયલ વીજજોડાણ ગ્રાહક નં. –૮૦૧૦૨ / ૦૦૨૦૧ / ૦ થી ધરાવે છે. આ કેસમાં વિજ કનેક્શન જેમના નામનું છે તે સ્વ. કુલચંદ વનમાળી પરમારનું તા.૦૪.૦૪.૧૯૯૨ ના રોજ અવસાન થયેલ છે.

૪.૨ **તા.૦૭.૦૬.૨૦૧૯ ના રોજ કંપનીના અધિકૃત અધિકારીઓ દ્વારા કરાયેલ વિજ ચેકિંગ મુજબ સદર વિજ જોડાણ ગ્રાહક નંબર ૮૦૧૦૨૦૦૨૦૧/0 થી NRGP ના ૦.૫૦૦ કી.વો. ની લોડ સાઈડ પર કુલ ૪.૦૯૦ કી.વો. નો લોડ જોડાયેલ માલુમ પડેલ. જે તેમના વિજ કનેક્શનના કરારિત વીજભારથી ૩.૫૯૦ કી.વો. જેટલો વીજભાર વધારે હોઈ, કંપનીના નિયમાનુસાર તા.૧૨.૦૬.૧૯ ના રોજ વિજ્ભાર વધારો નિયમિત કરી લેવા જરૂરી કાર્યવાહી કરવા નિયમાનુસાર નોટીસ પાઠવેલ છે**, જેમા સદર નોટીસ મળ્યે થી દિવસ –૧૦ મા જરૂરી નિયત અરજી ફોર્મ અને તેમા જણાવેલ જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે વીજભાર વધારા ની અરજી ની નોંધણી કરાવવા અરજદાર ને જાણકારી આપેલ છે.

**સદર વીજ ગ્રાહક સ્વ.કુલચંદ વનમાળી પરમારના હયાત વીજ જોડાણ ના સ્થળ ઉપરના સીટી સર્વે નં.૫૪ પૈકીના પ્રોપર્ટી કાર્ડમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૯ વારસદારો હોય, જે પૈકીના કોઈ એક સીધી લીટીના વારસદારને નામ ટ્રાન્સફર કે લોડ વધારો કરવા માટે અન્ય બાકી રહેલા ૧૮ વારસદારો ની સંમતીની જરૂર હોય પરંતુ પ્રોપર્ટી કાર્ડમાં દર્શાવેલ તા.૨૧.૦૮.૧૪ ની નોંધ મુજબ સ્વ.કુલચંદ વનમાળી પરમારના સીધી લીટીના વારસદાર પ્રદીપભાઈ મણીલાલ પરમાર મારફત સદર સ્થળ ઉપર અપાયેલા વીજ જોડાણની હયાત સ્થિતિમાં ફેરફાર કરવા કે નવું વીજ જોડાણ આપવા બાબતે ઉપરોક્ત દર્શાવેલ સમયાંતરે વાંધા અરજી રજુ થયેલ હોય જેથી કચેરી મારફત આવી વાંધા ગ્રસ્ત જગ્યા ઉપર હયાત વીજ જોડાણમાં ફેરફાર કરવાની અરજી લેતા પહેલા અરજદારશ્રી મારફત રજુ થયેલ અરજી સાથે જોડેલ દસ્તાવેજી કાગળોમાં અપૂર્તતાને લીધે અરજી સ્વીકારેલ ન હોય જેથી અરજદારશ્રીને અસંતોષ થવાથી અરજદારે ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.**

૪.૩ **નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે :-**

" In case of HT, EHT and Demand Based ............ In case of non-Demand Based LT connections, review of Contracted Load/ Sanctioned Load shall be carried out once in a financial year and if it is found that connected load on such type of connection is 25% or more than the Contracted Load/ Sanctioned Load in case of Residential Consumers and l0% or more than the Contracted Load/ Sanctioned Load in case of other categories of consumers, the licensee shall issue a 60-day notice to the consumer for submitting an application form for enhancement of load. *If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's Contracted Load/ Sanctioned Load to the load found at the time of inspection. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced loa*d. The enhanced load will be considered as revised Contracted Load/ Sanctioned Load on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised Contracted Load/ Sanctioned Load."

૪.૪ સદર કેઈસ મા, અરજદાર ની ફરીયાદ મુજબ – સદર વીજજોડાણ **જેમના નામનું છે તે સ્વ. કુલચંદ વનમાળી પરમારનું તા.૦૪.૦૪.૧૯૯૨ ના રોજ અવસાન થયેલ છે.** જેથી, નામ બદલી / વીજભાર વધારા માટેની અરજીમાં સહી કરવા માટે નો વિવાદ લેખીત માં અપાયેલ છે, જેથી સામેવાળા દ્વારા સદર અરજી સ્વીકારાયેલ નથી. જે બાબત નિયમાધીન યોગ્ય છે.

૪.૫ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ના હૈયાત વીજજોડાણમાં **કરારિત વીજભારથી ૩.૫૯૦ કંપનીના નિયમાનુસાર તા.૧૨.૦૬.૧૯ ના રોજ વિજ્ભાર વધારો નિયમિત કરી લેવા જરૂરી કાર્યવાહી કરવા નિયમાનુસાર નોટીસ પાઠવેલ છે**. તેમજ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ અરજદાર દ્વારા તેમના હૈયાત વીજજોડાણ મા **તા.૦૭.૦૬.૨૦૧૯** ના વીજ ચેકીંગના રીપોર્ટ મુજબ કરારીત વીજભાર કરતા – ૨૫ % થી વધુ વીજભાર જણાયેલ હોય, જેથી – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવા સુચના આપવામા આવે છે.

**૪.૬** અરજદાર દ્વારા મુદદા નં. ૪.૫ અને ૪.૬ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

**૪.૭** અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) **અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

(૨) **ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭**

(૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯